
# મનુષ્ય સૃષ્ટિનું ચક્ર

આત્મા અને પરમાત્મા પોત-પોતાનુ પાત્ર ભજવવા માટે આ સાકારી દુનિયામાં સૃષ્ટિચક્રમાં આવે છે. આ સૃષ્ટિચક્રને જ સમયનુ ચક્ર કે સૃષ્ટિ રંગમંચ ઉપર ચાલતુ અવિનાશી નાટક કહેવામાં આવે છે. જેવી રીતે દિવસ-રાત્રી, ઋતુ, માનવ-જીવન અને મકાન કે ઈમારતનુ ચક્ર અવિરતપણે ચાલે છે તેવી જ રીતે દુનિયા ઉપર પણ ચાર યુગનું ચક્ર સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળિયુગનું ચક્ર ચાલ્યા જ કરે, જેને માત્ર પરમાત્માજ જોઈ શકે. પરમપિતા પરમાત્માની શ્રીમત અનુસાર આ સૃષ્ટિચક્ર આશરે ૫૦૦૦ વર્ષનુ છે, જે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં દર્શાવેલ છે તેમજ બાઇબલમાં પણ જણાવેલ છે, જે ચાર સમાન યુગમાં વહેંચાયેલું છે. આ સૃષ્ટિચક્ર ચિત્રમાં દર્શાવેલ છે. શાસ્ત્રોમાં જણાવ્યા પ્રમાણે કળિયુગનુ આયુષ્ય હજુ 40,000 વર્ષ છે. 200 વર્ષ પૂર્વે દુનિયાની માનવ વસ્તી ૧૦૦ કરોડ હતી જે આજે 790 કરોડ દર્શાવે છે. તો પછી ૪૦,૦૦૦ વર્ષમાં માનવ વસ્તી આ દુનિયામાં સમાવિસ્ટ થઈ ના શકે. કેટલાક લોકો માને છે કે કળિયુગ  નાનુ બાળક છે. તેમને પ્રશ્ન પુછવામાં આવે કે શાસ્ત્રો લખાયા તેને કેટલા વર્ષ થયા તો હજારો વર્ષ પહેલા લખાયા તેવું કહે છે. શાસ્ત્રો લખાયા ત્યારે કળિયુગ બાળક હતો પરન્તુ આજે તો તેનુ આયુષ્ય વધારે હોવુ જોઈએ. આથી સૃષ્ટિચક્રનુ આયુષ્ય ૫૦૦૦ વર્ષનું છે, હજારો વર્ષનુ નથી. શાસ્ત્રો આપણી સાચી સમજ માટે છે અને ચલચિત્ર જેવા છે. ચલચિત્રમાં જણાવ્યા મુજબ મુખ્ય નાયક કે નાયિકા અલગ છે અને તેનુ પાત્ર અલગ છે, અર્થાત્ તેમનુ અસ્તિત્વ છે પરંતુ જે પાત્ર તેઓ ભજવે છે તે નથી. તેવી રીતે શાસ્ત્રોમાં પણ જે સંદેશો કહેવામાં આવ્યો છે તે સત્ય છે, તેમના પાત્રો સત્ય છે પણ તે પાત્ર જે ભજવે છે તેવા તેઓ નથી.

ઘણા ધર્મોમાં સૃષ્ટિચક્રને વિવિધ રીતે દર્શાવવામાં આવે છે. જ્યારે અન્ય ધર્મ સ્થાપક આવ્યા ત્યારે હિન્દુ ધર્મ અસ્તિત્વમાં હતો. હિન્દુ ધર્મમાં આ સૃષ્ટિચક્રને સ્વસ્તિક તરીકે દર્શાવવામાં આવે છે, જેના ચાર સમાન ભાગ છે, ત્રણ કે પાંચ ભાગ બતાવતા નથી. આ સૃષ્ટિચક્રમાં ચાર ભાગ આ દુનિયા ઉપરથી ચાર યુગ પસાર થયા તેની યાદગાર છે. આ દુનિયા અર્થાત્ આપણી પૃથ્વી ઉપર સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ એવા ચાર યુગ ચક્રમાં ચાલ્યા કરે છે. આ દુનિયામાં વિનાશ અને મહાવિનાશ થાય છે પરંતુ પ્રલય થતો નથી. પ્રલય થાય તો આ પ્રકૃતિની વિવિધતા આવે ક્યાથી? પ્રલય થાય તો મનુષ્ય, પ્રાણી, પક્ષી, વનસ્પતી વગેરેના બીજ આવે ક્યાથી? પરિવર્તન દુનિયાનો નિયમ છે, આથી વિનાશ અને મહાવિનાશ પણ પરિવર્તનનો નિયમ છે, પ્રલય નહી. વિજ્ઞાન "મોટો ધડાકો" (Big Bang)ના તાત્વિક સિધ્દ્ધાંતમાં માનતું હતુ પરન્તુ આજે વૈજ્ઞાનિકો પૂછે છે કે "મોટો ધડાકો" થયો તે પહેલા શું હતું? તેવોની પાસે કોઈ પણ જવાબ નથી. અર્થાત આ તાત્વિક સિધ્દ્ધાંત બરાબર નથી. વિજ્ઞાને બહુ જ સગવડ આપી છે પરંતુ તાર્કિક ચકાસણી જરૂરી છે. ટૂંકમાં, ચિત્રમાં જણાવ્યા મુજબ તેમજ નીચે દર્શાવ્યા મુજબ સૃષ્ટિચક્ર પરિવર્તન સાથે તાલમેળ મેળવીને ચાલે છે.




સતયુગની શરૂઆતમાં દેવી-દેવતા અથવા દેવદૂતનું રાજ્ય હતું, તેવો સર્વગુણ સંપન્ન, 16 કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમો દેવી-દેવતા અથવા દેવદૂત ધર્મના હતા. આ દુનિયાને "સ્વર્ગ, બહિસ્ત, હેવન, પેરાડાયસ" તરીકે વિવિધ ધર્મોમાં દર્શાવવામાં આવે છે, જે આપણી ધરા પર જ હતું. તેઓની આત્મા પરમાત્મા સમાન ગુણોમાં અને શક્તિઓમાં છે તેમજ સંપૂર્ણ આત્મિક સ્વરૂપમાં આત્મ-અભિમાની છે. દેવાત્માઓ પોતાનું કર્મ-ફળ ભોગવે છે અર્થાત પોતાની સંચય શક્તિનો ઉપયોગ કરે છે. આ બંને યુગમાં ભારત અર્થાત ભ્રુ એટલે કે પૃથ્વી, રત્નોથી ભરપુર હતી. ભારત માત્ર એક ખંડ હતો અને તમામ જમીન જોડાયેલી હતી. ભારત અર્થાત સંપૂર્ણ દુનિયા ઉપર સંપૂર્ણ પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ, અને પ્રેમનું રાજ્ય છે અને સંકલ્પથી ચાલતી આ દુનિયામાં શાંતિ અને વિજ્ઞાનનો સંપૂર્ણ સમન્વય છે. સત્યુગમાં સંપૂર્ણ સુખ ભોગવીને દેવતાઓ અથવા દેવદૂત ત્રેતાયુગમાં પ્રવેશ કરે છે, જેમાં તેવોની શક્તિ થોડી ઘટે છે. તેવોની સંખ્યા વધે છે પરંતુ તેવો સંપૂર્ણ સુખી, તંદુરસ્ત અને સંપત્તિવાન છે.

બે યુગ પસાર કર્યા પછી સમયનું ચક્ર દ્વાપર યુગમાં અર્થાત દેહ અભિમાનમાં પ્રવેશે છે જે વિશ્વ ચક્રને ડાબી બાજુએ ફેરવે છે. તેવોમાં દેહ-અભિમાન આવે છે, જેનો આઘાત પ્રકૃતિ પર લાગે છે અને વિનાશ થાય છે, જેમાં ભારત ભૂમિ સાત ખંડોમાં વિભાજીત થાય છે. સ્વર્ગીય દુનિયા જે અહીં હતી તેની ઘણી સંપત્તિ નાશ પામે છે અર્થાત જમીન અને પાણી નીચે જતી રહે છે. દેવતાઓ અથવા દેવદૂતને અખૂટ વારસો પરમપિતા પરમાત્મા દ્વારા મળેલો હતો, જે તેમના સંસ્કારમાં સંગ્રહિત હતું, તેથી તેવોએ જ્યોતિર્લિંગ બનાવ્યું. બિંદુ તે જ્યોતિનું કે પ્રકાશનું ઉદ્દ્ગમ સ્થાન છે અને પરમાત્મા જ્ઞાન શક્તિઓ અને ગુણોના સાગર છે અર્થાત સિંધુ છે. પરમાત્મા બિંદુ અને સિંધુ હોવાથી તેમજ દેવતા પોતાની દિવ્યતા દેહાભિમાનને કારણે ગુમાવે છે, આથી તેઓ પોતાને પરમાત્માના આકાર અને ગુણોથી હિંદુ તરીકે અને રહેઠાણના સ્થળને હિન્દુસ્તાનની કહેવા લાગે છે. તેઓએ લગભગ 2500 વર્ષ પહેલાં પ્રકાશના અંડાકાર આકાર તરીકે પરમ આત્માની પૂજા શરૂ કરી અને ત્યારે પરમાત્માના સંદેશાવાહક તરીકે અબ્રાહમ આ દુનિયા ઉપર આવે છે કહે છે કે પરમાત્મા નૂર અર્થાત પ્રકાશ છે.  તેણે ઇસ્લામ ધર્મની સ્થાપના કરી જે યહૂદી ધર્મનો પરિવાર છે. દેહાભિમાનને કારણે વિવિધ વિસ્તારના રાજાઓ વચ્ચે લડાઈ થાય છે અને હિસા વધે છે. આથી 2250 વર્ષ પહેલા પરમાત્માના સંદેશાવાહક મહાત્મા બુધ્ધ આવે છે. તેવો પરમાત્માનો અહિંસા પરમો ધર્મ પ્રચાર પ્રસાર કરે છે અને બૌધ્ધ ધર્મ સ્થાપન કરે છે. સમયનું ચક્ર આગળ વધે છે અને હવે રાજાઓને જોઈને પ્રજા પણ લડાઈ ઝગડા કરે છે. આવા સમયે 2000 વર્ષ પહેલા પરમાત્માના સંદેશાવાહક તરીકે મસીહા ઈશુ ખ્રિસ્ત આવે છે અને પરમાત્માનો પ્રેમનો સંદેશો પાઠવે છે કે લડાઈ ઝગડાને બદલે પાડોશીને પણ પ્રેમ કરો. તેવો ખ્રિસ્તી ધર્મની સ્થાપના કરે છે. માનવ આત્માઓ વધુ વિકારી બને છે આથી 1500 વર્ષ પહેલા પરમાત્માના સંદેશાવાહક તરીકે મહાત્મા શંકરાચાર્ય આવે છે અને પરમાત્માનો પવિત્રતાનો સંદેશો પાઠવે છે. તેવો સન્યાસ ધર્મની સ્થાપના કરે છે. આ રીતે દ્વાપરયુગમાં મુખ્ય ચાર ધર્મ આવે છે અને ધર્મસત્તા અને રાજસત્તા અલગ પડે છે.

સમયનું ચક્ર આગળ ચાલે છે. હવે દેહાભિમાન વધે છે અને કળિયુગની શરૂઆત થાય છે. હવે વિવિધ આક્રમણ કરનારા ભારત ખુબજ સમૃધ્દ હોવાથી ચડાઈ કરે છે અને આ આત્માઓની શક્તિ ઓછી થવાથી તેના ઉપર વિજય પ્રાપ્ત કરે છે. અંતે તમામ આત્માઓ તમોપ્રધાન બને છે અને અતિ દુઃખ પ્રાપ્ત કરે છે ત્યારે પરમાત્માને પોકારે છે કે "હે પતિતપાવન આવો અને પવિત્ર બનાવો તેમજ દુઃખોથી છોડાવો".
સમયનું ચક્ર આગળ ચાલે છે અને કલિયુગને અંતે સૌથી નાનો યુગ  આવે છે, જેને પુરુષોત્તમ સંગમયુગ કહેવામાં આવે છે. પરમાત્મા પોતાના વાયદા અનુસાર એક વૃધ્દ મનુષ્ય પુરુષ શરીરમાં પ્રવેશ કરે છે, જેનું નામ બ્રહ્મા રાખે છે, જે આદિદેવ, આદમ અથવા એડમ તરીકે વિવિધ ધર્મમાં ઓળખાય છે. પરમાત્મા આ માનવ શરીર દવારા જ્ઞાન અને શક્તિ આપે છે.

આત્માઓના પુરુષોત્તમ સંગમયુગના પુરુષાર્થના આધારે તેવોનું ભવિષ્ય અને પદ નક્કી થાય છે. ફરી આ પૃથ્વી ઉપર સ્વર્ગ સ્થાપન કરીને પરમાત્મા પરમધામમાં સ્થિત થાય છે. કોઈપણ વસ્તુ નવી બનાવવી પડે, જૂની આપમેળે થાય છે જે પ્રકૃતિનો સિધ્ધાંત છે.

દરેક આત્મા જયારે પરમધામમાં હોય છે ત્યારે મુક્ત અવસ્થામાં હોય છે અને સંપૂર્ણ હોય છે અર્થાત શાંતિ, શક્તિ તેમજ પવિત્રતાથી સંપન્ન હોય છે. જે આત્માઓ સ્વર્ગમાં આવે છે તેવો જીવનમુક્ત અવસ્થામાં આવે છે અર્થાત શાંતિ, શક્તિ, પવિત્રતા અને સુખથી સંપન્ન છે. તેવો આત્માભિમાની હોવાથી કર્મબંધનમાં આવતી નથી. ત્યારબાદ દેહાભિમાન આવતા કર્મબંધનમાં આવે છે અને પોતાની શક્તિ ગુમાવીને પતિત બને છે જેને પરમાત્મા ફરી જ્ઞાન તેમજ શક્તિથી અથવા સજા આપીને પાવન બનાવે છે. આ રીતે સૃષ્ટિચક્રમાં આત્મા, પરમાત્મા અને પ્રકૃતિની ભૂમિકા નિત્ય છે અર્થાત સૃષ્ટિચક્ર અવિરત પણે ચાલ્યા કરે છે.

ચાલો આપણે રાજયોગ ધ્યાન કરીએ. આપણે પરમાત્માના સંતાન હોવાથી તેમના જ્ઞાન, શક્તિઓ અને ગુણોના માસ્ટર સાગર છીએ. આપણે આત્માઓ પરમધામ ઘરમાં શાંતિ, શક્તિ અને પવિત્રતાથી ભરપૂર છીએ. આપણે શાંતિ, શક્તિ, પવિત્રતા અને ખુશીઓથી ભરપૂર સુવર્ણ યુગમાં દેવ અથવા દેવદૂત તરીકે આવીએ છીએ. ત્રેતાયુગમાં યુગમાં આપણે સુવર્ણ યુગના તમામ ગુણો ધારણ કરીએ છીએ, સિવાય કે આત્માની બે કળા ઓછી થાય છે અને વસ્તી વધે છે. સમયનું ચક્ર આગળ ચાલે છે અને દ્વાપર યુગની શરૂઆત થાય છે જ્યાં દેહ અભિમાનની પ્રવેશતા થાય છે, જેનાથી પ્રકૃતિમાં અર્ધવિનાશ થાય છે. આથી સંપૂર્ણ એક દુનિયા સાત ખંડોમાં વિભાજીત થાય છે. દેવાત્માઓ માનવ આત્માઓ બને છે આથી બિન્દુ તરીકે દર્શાવવામાં આવેલ પ્રકાશ આકારના સર્વશક્તિમાન પરમાત્મા શિવની પૂજા કરે છે. પરમાત્મા પ્રકાશના બિંદુ છે અને જ્ઞાન, શક્તિઓ અને ગુણોનો સાગર અર્થાત સિંધુ છે, તેના આધારે, દેવાત્માઓ પોતાને હિંદુ તરીકે ઓળખાવે છે કારણ કે તેવો દેવત્વ ગુમાવે છે અને રહેવાના સ્થળને હિન્દુસ્તાન તરીકે ઓળખાવે છે. આ યુગમાં અન્ય ચાર મુખ્ય ધર્મો અસ્તિત્વમાં આવે છે. દેહભાનને કારણે આત્માઓ તેમની શક્તિઓ ઝડપથી ગુમાવી દે છે અને કળિયુગી દુનિયાની શરૂઆત થાય છે, જેમાં ખૂબક દુઃખ અને અશાંતિ વધે છે. તમામ આત્માઓ મુક્તિ અને જીવન મુક્તિની સર્વશક્તિમાન પરમાત્મા સામે પોકાર કરે છે. અંતે પરમાત્મા તેમના જ્ઞાન અને શક્તિઓનો વારસો આપવા માટે વૃધ્ધ માનવ શરીરમાં પ્રવેશ કરે છે. સર્વશક્તિવાન પરમાત્મા જ્ઞાન, શક્તિઓ અને ગુણોના આધારે માનવ આત્માઓને પુરુષાર્થ મુજબ ફરી દેવતા કે દેવદૂત સમાન બનાવે છે, જૂની દુનિયાનો વિનાશ કરાવે છે અને ફરી નવી દુનિયાની શરૂઆત થાય છે.